**<u>વંચાણે લીધા</u>:** પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર નાઓના તા.૨૧/૨/૨૦૨૦ ના જાહેરનામાં હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૦૫/૨૦૨૦ અન્વયે

જાહેરનામું

પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૬ /૨૦૨૦,

તા.૨૧/૦૨/૨૦૨૦

હું, આશીષ ભાટિયા, IPS, પોલીસકમિશનર, અમદાવાદશહેર, મને ગુજરાતપોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં તા.૨૪/૨/૨૦૨૦ ના રોજ વી.વી.આઇ.પી.શ્રીઓની મુલાકાત અનુસંધાને ટ્રાફિક સુચારુ રીતે ચાલે અને ટ્રાફિકની સમસ્યા નિવારવાના હેતુસર નીચે મુજબના માર્ગો ડાયવર્ઝન કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં તા.૨૪/૦૨/૨૦૨૦ ના રોજ નવનિર્મિત મોટેરા સ્ટેડીયમની મુલાકાતે વી.વી.આઇ.પી.શ્રીનાઓ પધારનાર હોય જે અનુસંધાને ટ્રાફીક વ્યવસ્થા જળવાઇ રહે તેમજ કાર્યક્રમમાં આવતી-જતી જાહેરજનતાને અગવડ ન પડે તે હેતુસર તા.૨૪/૨/૨૦૨૦ ના રોજ સવાર કલાક ૮.૦૦ થી કાર્યક્રમ પુર્ણ ન થાય ત્યાં સુધી આમુખથી પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરનામું યથાવત રાખવામાં આવે છે. જેમાં નીચે જણાવેલ રૂટનો સમાવેશ કરી તે રૂટો ઉપર પણ તમામ પ્રકારનાં વાહનોની અવર-જવર તેમજ વાહન પાર્કિંગ કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

| પ્રતિબંધિત માર્ગ/વિસ્તાર | વૈકલ્પિક માર્ગ |
|---|---|
| ➢ પાવર હાઉસ સર્કલથી જનપથટીથી વિસત સર્કલ થી સીધા ઝુંડાલ સર્કલ સુધીનો માર્ગ<br>➢ પાવર હાઉસ સર્કલથી જનપથટીથી વિસત સર્કલ થી તપોવન સર્કલ સુધીનો માર્ગ<br>. | ⇒ પાવર સર્કલ ધર્મનગર થઇ ઓ.એન.જી.સી. રોડ થઇ અંદરના માર્ગો ઉપર અવર-જવર કરી શકાશે.<br>⇒ ચિમનભાઇ બ્રીજ થઇ પ્રબોધરાવળ સર્કલ થઇ રાણીપ ટી થઇ બલોલ નગર થઇ જી.એસ.ટી.ઓવરબ્રીજ થઇ જગતપુરા થઇ એસ.જી.હાઇવે તરફ અવર-જવર કરી શકાશે.<br>⇒ ચિમનભાઇ બ્રીજ થઇ પ્રબોધરાવળ સર્કલ થઇ રાણીપ ટી થઇ અખબારનગર સર્કલ થઇ ચાંદલોડીયા બ્રીજ થઇ ગોતા બ્રીજ નીચેના ભાગે થઇ એસ.જી.હાઇવે તરફ અવર-જવર કરી શકાશે. |

**અપવાદ :** સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો તેમજ ફરજમાં રોકાયેલ સરકારી વાહનો, ફાયરબ્રિગ્રેડ, એમ્યુલન્સનાં વાહનોને તેમજ આકસ્મિક સંજોગોમાં વાહન સાથે અવર-જવર કરનારને તથા સ્થાનિક રહેવાસીઓને આ જાહેરનામું લાગુ પડશે નહી.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લધંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુકત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામઅધિકારી/કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તા.૨૧/૨/૨૦૨૦ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા ૨૧/૨/૨૦૨૦
અમદાવાદ શહેર

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

( આશીષભાટિયા )
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**<u>નકલસવિનયરવાના</u> :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્રસચિવશ્રી, ગૃહવિભાગ, ગુજરાતસરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસમહનિર્દેશકઅનેમુખ્યપોલીસઅધિકારીશ્રી, ગુ.રા. પોલીસભવન,ગાંધીનગર.